# "કરફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

## નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/ ૧૮ /૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-D તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ તથા તા.૨૫/03/૨૦૨૦, તા.૨૭/03/૨૦૨૦, તા.૦૨/૦૪/૨૦૨૦, તા.03/૦૪/૨૦૨૦ અને તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ બહાર પાડેલ સુધારા હુકમ તેમજ હવે પછી જે સુધારા આદેશ બહાર પાડવામાં આવે તે બંધનકર્તા રહેશે.

(૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક : જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૨૫/03/૨૦૨૦ તથા ક્રમાંક : જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨,તા.૧૪/૦૪/૨૦૨૦.

(3) ના.પો.કમિશ્રી ઝોન-૨, ૩ અને ૬ ના તા.૨૦/૦૪/૨૦૨૦ નો રીપોર્ટ.

હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી દ્વારા **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫** તેમજ ગુજરાત સરકાર દ્વારા **ધી એપિડેમિક ડીસીઝ એક્ટ - ૧૮૯૭** અંતર્ગત ઉપરોકત જાહેરનામાંઓ બહાર પાડવામાં આવેલ છે. તથા સમગ્ર દેશમાં લોકડાઉન ઘોષિત કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરના અમુક વિસ્તારોમાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોમાં મોટા પ્રમાણમાં વધારો નોંધાયેલ છે. નીચે અનુસુચિમાં જણાવેલ વિસ્તારોમાં નોવેલ કોરોના વાયરસથી સંક્રમિત વ્યક્તિઓના પોઝિટીવ કેસોનું પ્રમાણ વધુ હોવાના કારણે હાલ-૧૪ જેટલા ક્લસ્ટર ક્વોરોન્ટાઈન એરીયા જાહેર કરવામાં આવેલ છે. જેથી આ વિસ્તારના લોકોની અવર-જવર સંપૂર્ણ રીતે નિયંત્રિત કરવામાં ન આવે તો નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ શહેરના અન્ય વિસ્તારોમાં ફેલાવવાની પ્રબળ શકયતા રહેલી છે. અમદાવાદ શહેર વિસ્તારની દ્રષ્ટિએ મોટો અને વસ્તીની દ્રષ્ટિએ ગીચ અને ભીડભાડવાળુ છે. COVID-19 નું સંક્રમણ માણસોના એકબીજાના સંપર્કમાં આવવાથી થાય છે. નોવેલ કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં માણસો એકબીજાના સંપર્કમાં ના આવે તે માટે તાત્કાલીક અને ઝડપી ઉપાય યોજવાનું અનિવાર્ય છે.

ઉપરોકત બાબતોને લક્ષમાં લેતાં મને ખાત્રી છે કે, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં **ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪** અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં એક તરફી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

આથી, હું આશીષ ભાટીયા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફરમાવું છું કે, નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ સમય દરમ્યાન, અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી. તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

**અનુસુચિ :**

(A) નીચે જણાવેલ પોલીસ સ્ટેશનોનો સમગ્ર વિસ્તાર :

(૧) શાહપુર પોલીસ સ્ટેશન

(૨) કારંજ પોલીસ સ્ટેશન

(3) કાલુપુર પોલીસ સ્ટેશન

(૪) ખાડીયા પોલીસ સ્ટેશન

Scanned by CamScanner

(૫) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

(૬) દરીયાપુર પોલીસ સ્ટેશન

(૭) દાણીલીમડા પોલીસ સ્ટેશન

(B) તા.૨૧/૦૪/૨૦૨૦ ના કલાક ૦૬/૦૦ થી તા.૨૪/૦૪/૨૦૨૦ ના કલાક ૦૬/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય ફોજદારી અધિનીયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## અપવાદ:

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૧) સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, તિજોરી વિભાગ, જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી સહિતની સેવાઓ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, પોસ્ટ ઓફિસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

(૨) પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જેલો.

(3) જિલ્લા વહીવટ અને ટ્રેઝરી વિભાગ.

(૪) વીજળી, પાણી, સ્વચ્છતા.

(૫) મ્યુનિસિપલ કોર્પોરેશનના ફકત પાણીની સપ્લાય તેમજ સફાઈ જેવી આવશ્યક સેવાઓ માટે જરૂરી કર્મચારીઓ.

(૬) જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સંસ્થાનો અને તેમના ઉત્પાદન, વિતરણ એકમો જેવા કે ડીસ્પેન્સરી, કેમિસ્ટ અને તબીબી ઉપકરણોની દુકાનો, પ્રયોગશાળાઓ, કલીનીકસ, નર્સિંગ હોમ્સ, એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે. તમામ મેડીકલ સ્ટાફ, નર્સ, પેરા-મેડિકલ સ્ટાફ, તથા અન્ય હોસ્પિટલ સપોર્ટ સેવાઓ માટે પરિવહનની મંજૂરી રહેશે.

(૭) રેશનકાર્ડની દુકાનો(જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની દુકાનો) સહિતની દુકાનો, ખાદ્યપદાર્થો, કરિયાણાવાળા, ફળો અને શાકભાજી, ડેરી અને દૂધના બૂથ, માંસ અને માછલી,પશુ ઘાસચારાવાળા ફેરીયાઓ, તેમજ આવશયક ચીજવસ્તુ પહોચાડનાર હોમ ડીલીવરી કરતા માણસો.

(૮) બેંકો, વીમા કચેરીઓ અને એ.ટી.એમ

(૯) પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયા, ન્યુઝ પેપેર્સનું પરિવહન અને વિતરણ.

(૧૦) દૂર સંચાર, ઈન્ટરનેટ સેવાઓ, પ્રસારણ અને કેબલ સેવાઓ અને આઈ.ટી આધારીત સેવાઓ.

(૧૧) ઈ-કોમર્સ દ્વારા ખોરાક,ફાર્માસ્યુટિકલ, સાધનો સહિત તમામ આવશ્યક ચીજોની હોમ ડિલવરી.

(૧૨) પેટ્રોલ પમ્પ, એલ.પી.જી, પેટ્રોલિયમ અને ગેસ, છુટક અને સ્ટોરેજ ગોડાઉન.

(૧૩) વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ એકમો અને સેવાઓ.

(૧૪) સિકયોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા સૂચિત કેપીટલ અને ડેબ્ટ માર્કેટ સેવાઓ.

(૧૫) કોલ્ડ સ્ટોરેજ અને વેરહાઉસિંગ સેવાઓ.

(૧૬) ખાનગી સીક્યુરીટી સેવાઓ.

(૧૭) આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે તેવા રાજય સરકારની મંજુરીથી ચાલુ રાખી શકશે.

(૧૮) આવશ્યક ચીજવસ્તુઓના પરીવહન માટેના વાહનો.

(૧૯) ફાયર વિભાગ તેમજ કાયદો અને વ્યવસ્થા અને ઈમરજન્સી સેવાઓ.

(૨૦) હોટલો, હોમસ્ટેઝ, લોજ અને મોટેલ જેમાં લોકડાઉનના કારણે અટવાયેલા પ્રવાસીઓ અને વ્યક્તિઓ રોકાયેલ છે તે ઉપરાંત જેમાં મેડિકલ અને ઈમરજન્સી સ્ટાફ, હવાઈ- દરિયાઈ સેવા માટેના સ્ટાફ રોકાયેલ છે.

Scanned by CamScanner

(૨૧) કવોરોન્ટાઈન માટે ઉપયોગમાં લેવાયેલ સંસ્થાનો.

(૨૨) અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

(૨૩) કૃષિ મશીનરીની દુકાનો, તેને સંબધિત સ્પેર પાર્ટસ( સપ્લાય ચેઈન સહિત) અને તેની મરામત સંબધિત દુકાનો ખુલ્લી રહેશે.

(૨૪) ચા ઉદ્યોગ, રોપણ પ્રક્રિયામાં વધુમાં વધુ ૫૦% મજુરો રોકાયેલા હોય તે સહિત.

(૨૫) તિજોરી (ચુકવણી અને હિસાબી શાખા, નાણાકીય સલાહકાર્યો અને કંટ્રોલ જનરલ એકાઉન્ટટ ઓફીસરો સહિતનો ઓછામાં ઓછો સ્ટાફ.)

(૨૬) નેશનલ ઈન્ફોરમેટીકસ સેન્ટર.

(૨૭) બંદરો/ એરપોર્ટ/ જમીનની સીમાઓ પર કંસ્ટમ કલીયરંન્સ, જીએસટીએન, અને ઓછામાં ઓછા સ્ટાફ સહિતની એમસીએ ૨૧ રજીસ્ટ્રી.

(૨૮) RBI અને RBI સંચાલીત નાણાકીય બજારો અને સંસ્થાઓ જેવી કે NPCL, CCIL, પેમેન્ટ સીસ્ટમ ઓપરેટર્સ, એકલ પ્રાથમીક ડીલરો ઓછામાં ઓછા સ્ટાફ સાથે.

(૨૯) ખાંડ, મેડિકલ સાધનો, હેન્ડ સેનિટાઈઝર દવાઓ, LPG, ખાદ્ય પદાર્થો ઉત્પાદન કરતા યુનિટો તેનું વિતરણ અને તે સંબંધિત રો-મટીરીયલ વિગેરેની રાજયની અંદર તેમજ રાજ્યો વચ્ચે અને આંતર રાષ્ટ્રીય આયાત માટે મુકત પરિવહન.

(૩૦) વન કચેરીઓઃ પ્રાણી સંગ્રહાલય, નર્સરીઓ, જંગલી પ્રાણીઓ, જંગલોના ફાયર ફાયટરો, વૃક્ષોની જાળવણી કરનારાઓ, પેટ્રોલીંગ અને તે માટે જરૂરી વાહનોની અવર-જવર વિગેરેનો સંચાલન અને જાળવણી માટેનો જરૂરી સ્ટાફ.

(૩૧) સામાજીક કલ્યાણ વિભાગ, ઓછામાં ઓછા સ્ટાફ સાથે, અનાથ આશ્રમ/ દિવ્યાંગો/ વયોવૃધ્ધ/ નિરાધારો/ સ્ત્રીઓ/ વિધવાઓ વિગેરેના ગૃહોનું સંચાલન કરનારાઓ, દેખરેખ ગૃહો, પેન્શન.

(૩૨) ખેતી વિષયક ચીજોની ખરીદી સાથે સંકળાયેલ સંસ્થાઓ, MSP ની કામગીરી સહિત.

(૩૩) APMC અથવા રાજય સરકારના નિર્દેશન આધારે સંચાલિત મંડીઓ.

(૩૪) માત્ર સરકારી કાર્યો માટેના ડેટા અને કોલ સેન્ટર.

(૩૫) કૃષિ મશીનરી સંબંધિત કસ્ટમ હાયરીંગ સેન્ટર.

(૩૬) કોલસા અને ખનિજોનું ઉત્પાદન, વાહન વ્યવહાર, ખનન પ્રવૃતિઓ માટેના સ્ફોટક પદાર્થોની હેરેફેર.

(૩૭) રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને બિયારણોના પેકેજીંગ યુનિટ અને ઉત્પાદન.

(૩૮) રેલ્વે એરપોર્ટ અને બંદરો પર માલસામાનની હેરેફેર માટેની પ્રવૃતિઓ, રાહત અને સ્થળાંતર અને તેને સંબધિત કાર્યરત સંસ્થાઓ.

(૩૯) ભારતીય રેડ ક્રોસ સોસાયટીઓની સેવાઓ.

(૪૦) હોસ્પિટલ્સ, વેટરનીટી હોસ્પિટલો અને તેને સંબંધિત મેડિકલ સંસ્થાઓ, તેના ઉત્પાદન અને વિતરણ યુનિટો સહિત, જાહેર અને ખાનગી બન્ને ક્ષેત્રોમાં, દવાખાનાઓ, કેમિસ્ટ, ફાર્માસીઓ,( જન ઔષધિ કેન્દ્રો સહિત) અને ફાર્માસ્યુટિકલ રિસર્ચ લેબ.

(૪૧) બેંકો, વિમા કચેરીઓ અને ATM બેંન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, બેંન્કીગ સંવાદદાતા અને ATM ઓપરેશન અને રોકડ વ્યકસ્થાપન એજન્સીઓ.

(૪૨) માત્ર IT અને IT આધારીત સેવાઓ (જરૂરી સેવાઓ માટે) અને શકય હોય ત્યાં સુધી ઘરેથી કામ કરવું.

(૪૩) પાવર જનરેશન, ટ્રાન્સમિશન અને વિતરણ યુનિટો અને સેવાઓ.

(૪૪) સેબી દ્વારા નિર્દેશિત મુડી અને ડેબિટ માર્કેટ સેવાઓ.

(૪૫) ખેડુતો અને ખેતમજુરો દ્વારા ખેતરોમાં થતી ખેતીકીય પ્રવૃતિઓ.

Scanned by CamScanner

(૪૬) આવશ્યક ચીજ-વસ્તુઓ ખાદ્ય ચીજો, ડ્રગ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ સાધનો તેના કામમાં મધ્યસ્થ વસ્તુઓ તથા પેકેજીંગ માટેના ઉત્પાદન કારખાનાઓ.

(૪૭) આયાત-નિકાસ માટે રાજયની અંદર પરિવહનનું વસ્તુ/ માલસામાન.

(૪૮) રાજયની અંદર અને આંતર રાજયમાં હારવેસ્ટિંગ અને વાવણી સંબંધિત મશીનોની હેરફેર જેવાં કે સંયુકત હારવેસ્ટર અને અન્ય ખેતીકીય સાધનો.

(૪૯) પેટ્રોલીયમ પદાર્થો અને LPG, ખાદ્ય પદાર્થો, મેડિકલ સાધનો વિગેરે જરૂરી વસ્તુઓની આંતર રાષ્ટ્રીય હેરફેર.

(૫૦) અનિવાર્ય હોય કે ના હોય તેવા તમામ માલસામાનનો પરિવહન.

(૫૧) દુધ એકત્રિકરણ, વિતરણ અને તેના તમામ માલસામાનનો પરિવહન.

(૫૨) FCI (ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા) ની કચેરીઓ દ્વારા થતી પ્રવૃતિઓ, તેના દ્વારા થતી અનાજની હેરફેર અને વિતરણ અને તે સંબંધિત વાહનો.

(૫૩) વિદેશી નાગરીકો જે ભારતમાં હાલ રોકાયેલ હોય તેના સ્થળાંતર( એસ.ઓ.પી) પ્રમાણે

(૫૪) મત્સ્ય ઉદ્યોગનું સંચાલન કે જેમાં માછલીઓનાં ખોરાક અને જાળવણી, લણણી પ્રકીયા, પેકેજીંગ, કોલ્ડ ચેઈન, વેચાણ અને માર્કેટીંગ, હેચરીઝ, ફીડ પ્લાન્ટસ, વ્યાપારી માછલીઘર, માછલી/ ઝીંગા અને મત્સ્ય ઉત્પાદનોની હેરેફેર, માછલીનાં બીજ અને આ તમામ કામગીરી સાથે સંકળાયેલ કામદારો.

(૫૫) ભારત સરકારના તા.૨૪/૦૩/૨૦૨૦ ના આદેશ અને તે પછીના સુધારા આદેશોને આધીન એકીકૃત અપવાદો તથા ભવિષ્યમાં આવનાર સુધારા આદેશોને આધીન અપવાદો.

(૫૬) પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

(૫૭) ઉપરોકત અનુસુચીમાં દર્શાવેલ વિસ્તારની રહીશ ફકત મહિલાઓને દરરોજ કલાક ૧૩/૦૦ થી ૧૬/૦૦ સુધીના સમય દરમ્યાન દુધ,કરીયાણા અને દવાઓ લેવા માટે મુક્તિ આપવામાં આવે છે. અને ઉપરોકત તમામ વસ્તુઓનું વેચાણ કરનાર દુકાનો કલાક ૧૩/૦૦ થી ૧૬/૦૦ સુધી રાખવા માટે મુક્તિ આપવામાં આવશે.

(૫૮) શાકભાજીની દુકાનો તા.૨૧/૦૪/૨૦૨૦ ના રોજ ક.૧૩/૦૦ થી ક.૧૬/૦૦ સુધી ખુલશે.તે પછીના દિવસોમા વારાફરતી(ALTERNATE DAYS) એક દિવસ બંધ અને બીજા દિવસે ચાલુ એમ ઉપરોક્ત સમય દરમ્યાન ખોલવાની રહેશે.

(૫૯) ઉપરોકત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગનું કડક અમલ કરવાની શરતે આપવામાં આવે છે.

(૬૦) ઉપરોકત તમામ વ્યાવસાયિક ગતિ-વીધીઓ માટે જરૂર જણાય અત્રેથી સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડ સ્પીકરથી વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તથા જગ્યાઓ તેની નકલો ચોંટાડી તેમજ આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરવી.

આ હુકમની અન્વયે અમદાવાદ કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે **ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ તથા ઈ.પી.કો. કલમ ૧૮૮** મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦-૦૪-૨૦૨૦ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપ્યા.

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

Scanned by CamScanner

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-03, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/ સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૭) PRO, C.P. Ahamedabad website પર twitter handle ઉપર Social Media પર પ્રસિધ્ધ થવા બાબત.

Scanned by CamScanner